**સાધુ વાસવાણી મિશનના આધ્યાત્મિક વડા દાદા જે. પી. વાસવાણીને શ્રદ્ધાસુમન પાઠવતા રાજયપાલશ્રી**
**તા. ૧૨/૭/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજયપાલશ્રી ઓ. પી. કોહલીએ સાધુ વાસવાણી મિશનના આધ્યાત્મિક વડા દાદા જે. પી. વાસવાણીના સ્વર્ગવાસ પ્રસંગે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે. આધ્યાત્મિક

રાજયપાલશ્રીએ દાદા વાસવાણીના નિધન અંગે એક શોક સંદેશા દ્વારા શ્રદ્ધાસુમન પાઠવતા જણાવ્યુ છે કે, સ્વર્ગસ્થ દાદા જે. પી. વાસવાણી જીવન પર્યન્ત સાધુ વાસવાણી મિશનના માધ્યમથી પ્રેમ–કરૂણા અને ક્ષમાભાવ સાથે વિશ્વશાંતિની સ્થાપના માટે પથદર્શક રહયા. ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાને વિશ્વ નાગરિક સમક્ષ ઉજાગર કરવામાં તેમનું પ્રદાન હંમેશાં યાદ રહેશે. રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે, સ્વ. દાદા વાસવાણી જીવનભર શાકાહારી જીવનશૈલીના હિમાયતી રહયા, એટલું જ નહીં, સમગ્ર વિશ્વને અહિંસાનો સંદેશો પાઠવી પ્રાણીઓના અધિકારોની સુરક્ષા માટે પણ સતત પ્રવૃત્ત રહયા. તેમના નિધનથી આધ્યાત્મિક જગતને ના પૂરી શકાય તેવી ખોટ પડી છે.